પીવાના પાણીની તંગીવાળા ગ્રામ્ય વિસ્તારોમાં ટેન્કરથી પીવાનું પાણી આપવાનો દર, વ્યક્તિ દીઠ ૫૦ લીટર (પશુ સહિત) ધારા ધોરણ રાખવાની નીતિ નક્કી કરવા બાબત.

## ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંક: વીડબલ્યુએસ/૧૦૨૦૧૨/૧૯૦(૩) /ખ-૪
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૩/03/૨૦૧૬

વંચાણે લીધા :

૧. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક: વીડબલ્યુએસ-૧૯૯૦-૧૦૨(ન)-પી, તા.૨૨.૦૧.૧૯૯૦
૨. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક: ૧૦૯૫/૨૪૮૦/પી, તા. ૧૪.03.૯૬
૩. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ અછત/૨૦૨૦૦૦/૧૨૬૬/ખ.૪ તા.૨૮-૦૪-૨૦૦૦.
૪. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ ગુજરાત સરકારનાઠરાવ ક્રમાંકઃ અછત/૨૦૨૦૦૦/૧૨૬૬/ખ.૪ તા.૨૨-૦૫-૨૦૦૫.
૫. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ વીડબલ્યુએસ/૧૦૨૦૧૨/૧૯૦/ખ.૪ તા.૨૭-૦૭-૨૦૧૨.
૬. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંકઃ અછત/૨૦૨૦૧૩/૪૨૪/ખ.૪ તા.૧૬-૦૭-૨૦૧૪

**પ્રસ્તાવના:-**

રાજ્યમાં દર વર્ષે કોઇને કોઇ વિસ્તારમાં અનિયમિત અને અપૂરતા વરસાદ થતો રહે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વરસાદની અછત રહેવા પામે છે. જેનાં કારણે રાજયનાં મહદઅંશે વિસ્તારમાં નદી નાળાં, તળાવ, ચેકડેમો તથા ડેમો વગેરેમાં અપૂરતું પાણી સંગ્રહ થાય છે તથા દર વર્ષે ભૂગર્ભ જળ પણ નીચા જતાં જાય છે.રાજ્યનાં વિકાસ સાથે પાણીનો ઉપયોગ વધતાં તથા લોકોનું જીવન ધોરણ તથા પીવાના પાણીની જરૂરીયાતમાં થયેલ વધારાને ધ્યાને રાખીને પીવાનાં પાણીની તંગીવાળાં ગ્રામ્ય વિસ્તારોમાં ટેન્કર/એચ.ડી.પી.ઇ. ટાંકીઓ મારફતે પીવાનું પાણી પહોંચાડવાની પરિસ્થિતિ ઉભી થાય છે.

વંચાણે લીધેલ તા.૨૨.૦૫.૨૦૦૫નાં ઠરાવથી વ્યક્તિદીઠ (પશુ સહિત) દૈનિક ઓછામાં ઓછુ ૨૦ લીટર અને વધુમાં વધુ ૩૦ લીટર પાણી આપવાનું ધોરણ અમલમાં છે તે વધારીને

હવેથી દૈનિક વધુમાં વધુ ૫૦ લીટર વ્યક્તિદીઠ (પશુ સહિત) પાણી આપવાની નીતિ નક્કી કરવા માટે સરકારશ્રીની વિચારણામાં હતું.

<u>ઠરાવ:-</u>

પીવાના પાણીની તંગી હોય તેવા ગ્રામ્ય વિસ્તારોમાં ટેન્કર/એચ.ડી.પી.ઇ. ટાંકીઓ મારફતે દૈનિક ઓછામાં ઓછુ ૨૦ લીટર અને વધુમાં વધુ ૩૦ લીટર પાણી આપવાનું ધોરણ અમલમાં છે. તે વધારીને હવેથી દૈનિક વધુમાં વધુ વ્યક્તિદીઠ **૫૦ લીટર(પશુ સહિત)** પાણી આપવાનું ધોરણ નક્કી કરવામાં આવે છે.

હાલની પ્ર્વર્તમાન નીતી પ્રમાણે ટેન્કર શરુ કરતા પહેલા જીલ્લા સમાહર્તાશ્રી હેઠળની જીલ્લાકક્ષાની સમીતિમાં મંજુરી મેળવવાની રહેશે અને પરિપત્રની અમલીકરણની અવધી તા.૩૧/૦૭/૨૦૧૬ સુધીની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૨/૦૩/૨૦૧૬ની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રવિ સોલંકી)
અધિક સચિવ (યોજના)

<u>નકલ સવિનય રવાના પ્રતિઃ-</u>

૧. માન.રાજયપાલના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.મંત્રીશ્રી, (પાણી પુરવઠા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી (સર્વે)
૫. માન.મંત્રીશ્રી, (રાજયકક્ષા) અંગત સચિવશ્રી (સર્વે)
૬. મુખ્ય સચિવશ્રી, (ગુજરાત રાજય) ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્રસચિવશ્રી (પાણી પુરવઠા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૮. અગ્રસચિવશ્રી અને રાહત કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૧, સચિવાલય, ગાંધીનગર.
૯. અગ્રસચિવશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૧૦.અધિક સચિવશ્રી (આયોજન) પાણી પુરવઠા વિભાગ, બ્લોક નં.૭/૯ સચિવાલય, ગાંધીનગર
૧૧.નાણાં સલાહકારશ્રી, ન.જ. પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૨.~~સભ્ય સચિવશ્રી~~, ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડ, જલસેવાભવન, બોર્ડ કચેરી, ગાંધીનગરને કાર્યવાહી તથા કલેકટરશ્રી (સર્વે)/ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે)ને રવાના કરવા સારૂ.
૧૩.મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જી.ડબલ્યુ.આઇ.એલ., ગાંધીનગર.

મુ. ઇ. (યાં)/ ... ૬૭૩૨/૫૦ ... /૪૪૫/૨૦૧૬
તા:- ૨૩-૦૩-૨૦૧૬.

Chief Engineer (Mech)

નકલ શુભેચ્છાસહ રવાના પ્રતિઃ-

- મુખ્ય ઇજનેરશ્રી, યાંત્રક/મોની.xપ્લાનીંગ) પ્લાનીંગ)/ટેક.સેલ/ મટીરીયલ્સ સેલ (સિ)/અર્બન સેલ ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડ, જલસેવાભવન, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, (ઝોન-૧,૨,૩,૪ અને ૫) વડોદરા/અમદાવાદ/રાજકોટ /ભૂજ/જૂનાગઢ તરફ જાણ તથા સુચારૂ કાર્યવાહી સારૂ.
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડ, જલસેવાભવન, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- કલેકટરશ્રી (સર્વે)
- જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે)
- અધિક્ષક ઇજનેરશ્રી (યાંત્રિક) જા.આ.યાં.વર્તુળ....... (સર્વે) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- અધિક્ષક ઇજનેરશ્રી (સિવિલ) જા.આ.વર્તુળ.............. (સર્વે) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- કાર્યપાલક ઇજનેરશ્રી યાંત્રીક/સિવિલ વિભાગ.............. (સર્વે) તરફ જાણ તથા જરૂરી અમલ સારૂ.